
ૐ ।। કર્મણ્યે વાધિકારસ્તે મા ફલેષુ કદાચન ।। ૐ

## ગુજરાત પ્રવાસન વર્ષ - ૨૦૦૬ ના
## અંતિમ ચરણે

# મોજીલું જામનગર હથેળીમાં
(પ્રશ્નોત્તરી સ્વરૂપે)






: કર્તા :
હરિવદન શાન્તિલાલ જોશી
જામનગર



ખંભાળીયા ગેઈટ




ઈરવીન સર્કલ - હાલનું ટાઉનહોલ સર્કલ


ॐ ॥ श्री गणेशाय नमः ॥ ॐ



वक्रतुण्ड महाकाय सूर्यकोटी समप्रभः ।
निर्विघ्नं कुरु मेदेव सर्व कार्येषु सर्वदा ॥



જુનું પંચેશ્વર ટાવર



ભુજીયો કોઠો

ૐ ॥ કર્મણ્યે વાધિકારસ્તે મા ફલેષુ કદાચન ॥ ૐ

## ગુજરાત પ્રવાસન વર્ષ – ૨૦૦૬ ના અંતિમ ચરણે

# મોજીલું જામનગર હથેળીમાં

-: કર્તા :-

હરિવદન શાન્તિલાલ જોશી

જામનગર.

માગશર : ૨૦૬૩
નવેમ્બર : ૨૦૦૬

કિંમત રૂા. ૨૫-૦૦

# -: શુભેચ્છા સંદેશો :-

**BHARAT SUKHPARIA & ASSOCIATES**
ADVOCATES

BHARAT C. SUKHPARIA
KIRIT K. SOLANKI
DILIP T. MAMTORA
SANJAY K. SANGHANI
ASHWIN B. MAKWANA

TEL :- 255 3717 - 267 7777
FAX :- +91 288 255 4872
e-mail : bsukhparia @ rediffmail.com
103, Shree Laxminarayan
Limda Lane
JAMNAGAR - 361 001


૨૫.૧૧.૨૦૦૫

શુભેચ્છા

જામનગરના સાહિત્યકાર અને અગ્રણી નાગરિક શ્રી હરિવદનભાઈ જોશી "મોજીલું જામનગર - ફોટોમાં.." પુસ્તકનું પ્રકાશન કરવા જઈ રહ્યા છે, ત્યારે –

પરસોત્તમ જામનગરનો ચિતાર આપતા શ્રી હરિવદનભાઈની આશા-અપેક્ષા સાકાર બને, તેવી અંતરની શુભેચ્છાઓ પાઠવું છું.

ભરત સુખપરિયા




તસ્વીર : હરિવદન જોશી (સને : ૧૯૫૫)

## 'દેરાણી - જેઠાણી'નો પાળીયો (ડાબે), પાછલા તળાવમાં



તસ્વીર : હરિવદન જોશી (સને : ૧૯૫૫)

# શ્રી ડી. કે. વી. કોલેજની શિલારોપણ વિધિ સમયે ઉપરાષ્ટ્રપતિશ્રી ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનું યોજાયેલા સમારંભમાં ઉદ્‌બોધન



**: હૈયાની વાત :**

ગુજરાત પ્રવાસન વર્ષઃ ૨૦૦૬નું અંતિમ ચરણ, મારા વ્હાલા પોતરા ચિ. કુલદીપના ૧૧મા વર્ષનું સુપ્રભાત (તા.૧-૧૧-૨૦૦૬,બુધવાર),મારી આયુના ૭૪ વર્ષની સુપ્રભાત(તા.૮-૧૧-૨૦૦૬,બુધવાર) અને મારી રેલ્વે સેવા નિવૃતીના ૧૫મા વર્ષની 'રતુંબડી' સંધ્યા(તા.૩૦-૧૧-૨૦૦૬,ગુરૂવાર) ના ઉપલક્ષમાં આ કૃતિ મારી સ્વમાહિતી, યાદદાસ્ત, ખોજ અને રાજાશાહી યુગની હૈયાત જૈફ વ્યક્તિઓ પાસેથી સાંપડેલી માહિતી પર આધારીત છે.

વાંચકોને આ પ્રકાશન ગમશે તો તેને મારું સૌભાગ્ય માનીશ.તેમજ તેમાં કયાંયે કંઇ ક્ષતિ જેવું જણાય તો મને તે માટે તેઓ દરગૂજર કરશેજ, તેવી આશા સહ શ્રધ્ધા.

વાંચકોને મારી લાગણીથી અવગત કરાવવા અર્થે, અત્રે 'નોબત'ના તંત્રીશ્રી તેમજ અન્ય એક જામનગરના અગ્રણીશ્રી ભરતભાઇ સુખપરીયાપરના મારા પત્ર તા.૨૮-૧૦-૨૦૦૬, શનિવારની વિગત પ્રસ્તૂત કરું છું :-

**મારી હૈયા વરાળ / અરણ્યરૂદન :-**

"નમસ્તે. પ્રારંભે એટલી ઓખવટ કરી લઉં કે મેં મારી ૭૩ વર્ષની હવે આવતા માસે તા.૮/૧૧ ની સમાપ્તી સુધીમાં કયારેય કાંઇ પણ પ્રગતિ માટે કોઇની પણ 'ભાટાઇ' કરી નથી. પરંતુ સત્યપ્રિયતાને હિસાબે અણગમતી વ્યક્તિ અને 'વાંકદેખા'નું બિરૂદ ઘણી વખત મેળવ્યું છે. માટે વિનંતી કરું છું; કે નીચેના મારા બે અભિપ્રાયોને 'ભાટાઇ'માં ન ખપાવતા. :-

(૧) પ્રથમ 'નોબત'ને અભિનંદન કે જેણે સ્વ. રતિભાઇની નીતિ ચાતર્યા વીના 'નોબત'ને મોટા ટાઇપમાં છાપવાનું ચાલુ રાખીને, તેને વૃદ્ધજનોને વાંચવા લાયક રહેવા દીધું છે. **ફરીને લાખ લાખ અભિનંદન.**

(૨) ગઇકાલનો શ્રી સુખપરીયાભાઇનો લેખ મારા જેવા અનેક સંવેદનશીલ નગરના જાગૃત નાગરીકોને અવશ્ય ગમશે જ. કારણ કે સત્ય હંમેશાં કડવું જ હોય. જેથી તેને સ્વીકારવું મોટા ભાગના ઓને ન જ ગમે.એ પણ સ્વીકારવું જ રહયું.

શ્રી સુખપરીયાભાઇ જેટલા નિરાશાવાદી છે એટલો જ હું આશાવાદી છું; એ રીતે કે મને પાક્કી ખાતરી છે કે અહીંની પ્રજા જેવી છે તેવાજ

તેના પ્રતિનિધિઓ સત્તાસ્થાને બીરાજે. જેથી મારો આશાવાદ એટલો દ્રઢ છે ; કે અહિંની પરિસ્થિતી વધુ બગડશે એ નિશ્ચિત, પણ કયારેય સુધારા તરફ પ્રયાણ નહિં જ કરી શકે. 'સૂતેલાને જગાડી શકાય; જાગતાને કયારેય નહિ'.

આપણાં શહેરને 'મોટું ગામડું' તરીકે ગણવું, તે પણ ગામડાંનું અપમાન છે. આપણું 'તળાવ' અને ફરતી 'તળાવની પાળ'ને પણ કેવી કરી મૂકી છે!આ ભેટ જો રાજકોટ પાસે હોત તો તે કેવી હોત તેને કલ્પી જુઓ! વધુ ચિતરવા જેવું નથી જ. કેમકે શ્રી સુખપરીયાભાઈએ બધું જ પ્રજા/તેના પ્રતિનિધિઓ સમક્ષ ચિતરી દીધું છે. 'અહિંયા બહુજન હિતાય; બહુજન સુખાય' ને બદલે બધું 'અમૂકજન હિતાય' જ થાય છે.


અરે!ફક્ત 'હાપા-દહિસરાં'ને જોડતો જૂની ૧૯૫૮ની યોજનાનો બ્રોડગેજનો બાકી રહેતો કટકો પણ નથી કરાવી શકતા. રાજકોટ વાસીઓ હોય તો?''

આ કૃતિ જામનગરની મોજીલી, રંગીલી, આળસુ-એદી તેમજ પોતાના શહેરના વિકાસ પ્રત્યે સદાય બેદરકાર પ્રજા અને તેના આગેવાનો/ પ્રતિનિધિઓને અર્પણ કરૂ છું; એ આશયે કે તેઓમાં આના દ્વારા પોતાના શહેરના વિકાસ પ્રત્યે કંઇક અનુકંપા જાગે.




(હ. શા. જોશી)
આ કૃતિના કર્તા,
લેખક : 'જામનગર મારૂં : ગઇકાલ-આજ ',
સર્જક : V.C.D. 'તાવડી-વાજું'
અને નિવૃત્ત અધીક્ષક (પરિચાલન) પ.રે.
ફોન : (૦૨૮૮) ૨૬૭૧૭૩૭

**નિવાસ સ્થાન :**
(વડિલોપાર્જીત)
'ૐ શ્રી ત્રિકમ કુટિર',
હાથી શેરી, જામનગર - ૩૬૧ ૦૦૧
(હાલનું)
૪ : નવકાર ફ્લેટ્સ, તપોવન કોલોની,
પ્રતાપવિલાસ પેલેસ સામે, જામનગર - ૩૬૧ ૦૦૮




તસ્વીર : હરિવદન જોશી (સને : ૧૯૫૫)

# ટાઉનહોલ પહેલાંનું 'ઇરવીન સર્કલ'.



તસ્વીર : હરિવદન જોશી (સને : ૧૯૫૫)

## શ્રાવણી સાતમ-આઠમનો
## નદી કાંઠે ભરાયેલો મેળો.



તસ્વીર : હરિવદન જોશી (સને : ૧૯૫૫)

જુની મિટર ગેજ લાઇનપર
શ્રાવણી સાતમના મેળા દરમ્યાન
વિકટોરીયા બ્રીજ (હાલ નવો સુભાષ બ્રીજ) પર
જામનગર થી રાજકોટ તરફ જતી રેલ્વે ટ્રેઇન



તસ્વીર સંગ્રહ : હરિવદન જોશી.

## જામનગર - રોઝી
## મીટર ગેજ રેલ્વે લાઇનનું સને ૧૯૩૮ માં
## થયેલું ઉદ્‌ઘાટન

# જામનગરની ઐતિહાસીક પ્રશ્નાવલી (૫૧)

પ્રશ્ન-૧ આપણાં શહેરમાં રાજમહેલો કેટલા?નામ સાથે.

પ્રશ્ન-૨ શ્રી રાણી વિકટોરીયાના નામની ઈમારતો કેટલી? કઈ?

પ્રશ્ન-૩ શ્રી સજુબાના નામની ઈમારતો કેટલી? કઈ?

પ્રશ્ન-૪ શ્રી તેજુબાના નામની ઈમારતો કેટલી? કઈ?

પ્રશ્ન-૫ રાજવી સ્મશાન 'અમર-ઝૂંડ' માં કોની સમાધી પર છત્રી સ્થાપવામાં આવે છે?

પ્રશ્ન-૬ જામનગરનાં કયા બે રાજવીઓએ સારાયે દેશનાં પ્રતિનિધિ તરીકે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં યશસ્વી કામગીરી બજાવેલી છે? સંસ્થાઓનાં નામ સાથે.

પ્રશ્ન-૭ શ્રી દાજીબાપુનો ડેલો કયાં આવ્યો ? તેઓ કોણ હતા ? તેઓનું મૂળ નામ શું ? તેઓના નામની કઈ ઈમારત છે?

પ્રશ્ન-૮ જામનગરની નવાનગરની ક્રિકેટ ઈલેવનનાં કયા ખેલાડીએ જે તે સમયે રમાયેલી એક 'એ' કલાસ મેચમાં, 'પીચ'ના સામે છેડેથી એક 'સીકસર (છગ્ગો)' ફટકારીને શ્રી અજીતસિંહજી પેવેલીયનપરની ડાબા ખૂણે રહેલી ઘડીયાળના કુરચા ઉડાવી દીધા હતાં?

પ્રશ્ન-૯ જામશ્રી રણજીતસિંહજી સને- ૧૯૦૭ માં નવાનગર રાજયના જામ સાહેબ તરીકે જામનગર પદગ્રહણ કરવા પોરબંદરથી કયા માર્ગે આવેલા? કયાંથી પ્રવેશ કરેલો?

પ્રશ્ન-૧૦ બર્ધન ચોકવાળા 'બર્ધન' કોણ હતાં?

પ્રશ્ન-૧૧ વિલિંગ્ડન ક્રેસન્ટવાળા 'વિલિંગ્ડન' કોણ હતા ?

પ્રશ્ન-૧૨ સને-૧૯૫૧ના દાયકામાં ભારતના તે સમયના ગૃહમંત્રી માન.શ્રી પંડિત ગોવિંદ વલ્લભપંતના વરદ્ હસ્તે કઈ ઈમારતનું શિલારોપણ થયું?

પ્રશ્ન-૧૩ સને-૧૯૫૧ ના દાયકામાં કઈ જાહેર સંસ્થાની ઈમારતનો શિલારોપણ વિધિ નકકી થયા મુજબ ભારતના રાષ્ટ્રપતિ માન.શ્રી રાજેન્દ્ર પ્રસાદજીના બદલે તે સમયના સૌરાષ્ટ્ર રાજયના રાજપ્રમુખ જામ સાહેબશ્રી દિગ્વીજયસિંહજીના હસ્તે સંપન્ન થયેલ?

પ્રશ્ન-૧૪ સને-૧૯૫૧ના દાયકામાં આપણા ભારતના વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરૂજીના વરદ્ હસ્તે કઇ જાહેર સંસ્થાની ઇમારતનું ખાતમુર્હૂત થયેલ?

પ્રશ્ન-૧૫ સને-૧૯૫૧ના દાયકામાં આપણાં ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી સર્વપલ્લી રાધાકૃષ્ણજીના વરદ્ હસ્તે કઇ જાહેર સંસ્થાનું શિલારોપણ થયેલ?

પ્રશ્ન-૧૬ ચંદ્ર મહેલ કયો અને કયાં?

પ્રશ્ન-૧૭ માન વિલાસ પેલેસ કયો અને કયાં?

પ્રશ્ન-૧૮ વિભા વિલા પેલેસ કયો અને કયાં?

પ્રશ્ન-૧૯ રાણી વિલાસ પેલેસ કયો અને કયાં?

પ્રશ્ન-૨૦ ભાવેન્દ્ર વિલા પેલેસ કયો અને કયાં?

પ્રશ્ન-૨૧ પાઇલોટ બંગલો ક્યાં અને કોના માટે બંધાયેલો?

પ્રશ્ન-૨૨ 'મફ બંગલો' કયાં અને કોના માટે બંધાયેલો?

પ્રશ્ન-૨૩ 'સરૂ સેકસન' નામ શા માટે પડેલું?

પ્રશ્ન-૨૪ પીકચર/આર્ટ ગેલેરી કયા મહેલમાં છે?

પ્રશ્ન-૨૫ તેજુબા મેટરનીટી હોમ્સ કયાં આવેલા?

પ્રશ્ન-૨૬ 'વિકટોરીયા જયૂબીલી કોમેમોરેશન (COMMEMORATION) ટાઉન હોલ' કયો?

પ્રશ્ન-૨૭ કયા ભારતીય ક્રિકેટર ભારતીય પોશાકમાં ક્રિકેટ રમતા ?

પ્રશ્ન-૨૮ આજના શરીરની સંપૂર્ણ સુરક્ષા સાથે રમતા ક્રિકેટ ખેલાડીઓને 'પ્રિન્સ રણજી'ના કયા વાકય દ્વારા ઉપાલંભ મળે છે?

પ્રશ્ન-૨૯ 'વિકટોરીયા બ્રીજ' કઇ સદીમાં અને શા માટે બંધાયેલો?

પ્રશ્ન-૩૦ 'નાનું સોલેરીયમ' કયાં અને કોના દ્વારા બનાવાયેલું?

પ્રશ્ન-૩૧ 'રણજીત મેમોરીયલ' કયાં અને કોના દ્વારા બનાવાયેલું?


પ્રશ્ન-૩૨ જામનગરમાં કઇ જગ્યાએ નવાનગર રાજયના અંતિમ વર્ષોમાં 'રેડીયો જામનગર' રેડીયો સ્ટેશનનો પ્રારંભ થનાર હતો?

પ્રશ્ન-૩૩ 'જામનગર-રોઝી' વચ્ચે શા માટે મીટર ગેજ ની રેલ્વે લાઇન નંખાયેલી?

પ્રશ્ન-૩૪ 'અલીભાઇ ઝવેરી' નામના દેશી રાજય શાસન વેળાના શાહ સોદાગરનો બંગલો કયાં અને હાલમાં ત્યાં શું છે?


પ્રશ્ન-૩૫ વિભા જામ તેના પિતાશ્રીના સાતમાં સંતાન હોવા છતાં કોની આગાહી મુજબ જામસાહેબ તરીકે સત્તારૂઢ થયેલા?

પ્રશ્ન-૩૬ આપણે પ્રજા તરીકે ,આપણા આગેવાનો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ હોદેદારો તરીકે, કયા કયા આપણા મહાનુભાવો તરફ કૃતધ્ની નીવડ્યા છીએ?



તસ્વીર સંગ્રહ : હરિવદન જોશી.

# જુની 'જે. એન્ડ ડી.' રેલ્વે સમયની પુરાત્તત્વીય જણસો.



તસ્વીર સંગ્રહ : હરિવદન જોશી.

**રેલ્વે દ્વારા આઝાદીબાદ આચરવામાં આવેલા અન્યાયોની પરંપરાના પ્રારંભની બોલતી તસ્વીર.**

**આ તસ્વીર છે ; રાજકોટ ભેળા થતા પહેલાંના અહીંના અધીકારીઓ (વચ્ચે ખુરસીઓ પર) અને અન્ય કર્મચારીગણના સમૂહની જુલાઇ ૧૯૫૬ ના અંતિમ સપ્તાહમાં લેવાયેલી.**

***ધન્ય છે ; જામનગરીઓની તાસીરને !***

**તા. ૮-૪-૧૮૯૭ થી તા. ૩૧-૭-૧૯૫૬ સુધી વિવિધ કક્ષાની અહિં અસ્તિત્વ ધરાતી વહીવટી કચેરીઓમાંની છેલ્લી જીલ્લા કક્ષાની ત્રણેય કચેરીઓને કલમના એકજ ઝાટકે તા. ૧-૮-૧૯૫૬ થી રાજકોટ ભેળી કરી દેવામાં આવી. *જામનગરીઓનું એક રૂંવાડું યે ના ધગ્યું.***

પ્રશ્ન-૩૭ શ્રી એમ.પી.શાહ મેડીકલ કોલેજના પ્રારંભ સમયે,તેમાં પ્રવેશ માટેની લાયકાત, 'ઈન્ટર સાયન્સ'નો અભ્યાસક્રમ ધરાવતી સાયન્સ કોલેજ આપણા શહેર/જીલ્લામાં કેટલી અને કયાં કયાં હતી? તેમજ અન્ય વિદ્યા શાખાઓની પણ કેટલી અને કયાં કયાં હતી?

પ્રશ્ન-૩૮ રાજવી સ્મશાન 'અમરઝૂંડ' અને સોઢી રાણીઓને સખીઓ સાથે જળક્રિડા માટેની 'સોઢીવાડી' કયાં આવ્યા?

પ્રશ્ન-૩૯ દેરાણી-જેઠાણીની પાળીઓ કયાં આવ્યો?

પ્રશ્ન-૪૦ હાલનું હૈયાત સોલેરીયમ કયા રાજવીના શાસનમાં બંધાયું હતું?

પ્રશ્ન-૪૧ આપણા કયા શ્રેષ્ઠીએ ફિલ્મક્ષેત્રે પણ આગવું પ્રદાન કરેલું? કઇ રીતે?

પ્રશ્ન-૪૨ આપણે ત્યાં એક ગુજરાતી અને હિન્દી ફિલ્મનું ફિલ્માંકન થયેલું, જાણો છો?નામ આપો.

પ્રશ્ન-૪૩ આપણાં કયા દાનવીર શેઠનાં નિવાસ સ્થાને,ભારતના પ્રથમ પંત પ્રધાન શ્રી જવાહરલાલ નહેરૂ, અહિંની એક મૂલાકાત વેળાએ, સીધા વિમાનઘરથી બિન આયોજીત, ઓચિંતી, અણધારી રીતે હંકારી ગયેલા ? શા માટે ?

પ્રશ્ન-૪૪ જાણો છો, આપણા શહેરનાં માર્ગો, ફળીઓ, શેરીઓ, ચોકો, ધાર્મિક સ્થાનોને રાજાશાહી યુગમાં વૃક્ષો, ફળો, નાના જીવો, પાણી, દૂધ,ધાન્ય તેમજ કઠોળ જેવી પ્રાકૃતિક નીપજો પરથી આપવામાં અવતા? થોડા નામ આપો.

પ્રશ્ન-૪૫ આપણાં શહેરની સ્થાપના કયા શુભ દિને થયેલી?

પ્રશ્ન-૪૬ આપણા કયા 'જળબંધ'નું નામ, 'ગંગા સાગર' નક્કી થયેલું?

પ્રશ્ન-૪૭ આપણી કઇ શેરી જૂના સમયમાં 'વાઘરી વાડો'નામનો વિસ્તાર હતો?

પ્રશ્ન-૪૮ બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન કટોકટી વેળાએ કયા જામ સાહેબે કયા દેશના વૃદ્ધજનો, મહિલાઓ અને બાળકોને આપણે ત્યાં આશરો આપેલો?કયા સ્થળે?

પ્રશ્ન-૪૯ આપણા કયા જામ સાહેબનું રાજ્ય શાસન આપણે ત્યાં અંતિમ બની રહયું ને તે કેટલા સમય ગાળા માટે રહયું?

પ્રશ્ન-૫૦ હાલાર,નવાનગર,જામનગર વિશે શું જાણો છો?

પ્રશ્ન-૫૧ આપણાં જૂના સ્ટેશન પર પ્રથમ 'મીટર ગેજ'ની ગાડી કયાંથી કયાં સૂધીની શરૂ થયેલી? કયા શુભ દિને?

ઉત્તરો પાના નં. ૧૮



તસ્વીર : હરિવદન જોશી (સને : ૧૯૫૫)

# મેડીકલ કોલેજ પહેલાંની ઇરવીન હોસ્પિટલ (ડાબે) અને લેડી મેડીકલ સુપ્રીન્ટેડન્ટનું નિવાસ સ્થાન (જમણે)



તસ્વીર : હરિવદન જોશી (સને : ૧૯૫૫)

## મેડીકલ કોલેજ પહેલાંના નાના (ડાબે) અને મોટા (જમણે) સોલેરીયમો

# ઉત્તરો (૫૧)

ઉત્તર-૧ સાત (૭) : (ક) ચંદ્રમહેલ (ખ) માન વિલાસ (ગ) વિભા વિલા (ઘ) ભાવેન્દ્ર વિલા (ચ) અમર વિલા (છ) રાણી વિલા અને (જ) પ્રતાપ વિલાસ

ઉત્તર-૨ ત્રણ (૩) : (ક) વિક્ટોરીયા બ્રીજ (ખ) વિક્ટોરીયા જ્યુબીલી કોમેમોરેશન (COMMEMORATION) ટાઉન હોલ અને (ગ) વિક્ટોરીયા જ્યુબીલી જનરલ હોસ્પીટલ.

ઉત્તર-૩ (૧) શ્રી સજુબા ગર્લ્સ હાઇસ્કૂલ અને (૨) શ્રી સજુબા ફીમેલ હોસ્પીટલ: કુલ ૨

ઉત્તર-૪ એક જ અને તે શ્રી તેજુબા મેટરનીટી હોમ્સ.

ઉત્તર-૫ 'અમર-ઝૂંડ' માં નિર્વંસ ગયેલા રાજવીની સમાધી પર.

ઉત્તર-૬ (૧) જામશ્રી રણજીતસિંહજીએ આઝાદી પહેલાં 'બ્રિટીશ ઇન્ડીયા'ના પ્રતિનિધિ તરીકે પહેલા વિશ્વયુધ્ધ બાદ સ્થપાયેલ 'લીગ ઓફ નેશન્સ'માં અને (૨) જામશ્રી દિગ્વીજયસિંહજીએ આઝાદી બાદ 'યુનો'માં સ્વતંત્ર ભારતનાં પ્રતિનિધિ તરીકે સૌરાષ્ટ્ર રાજયના રાજપ્રમુખપદે હતા ત્યારે.

ઉત્તર-૭ (૧) જામના દેરા સામેની ગલીમાં (૨) શ્રી દિગ્વીજયસિંહજીના પિતાશ્રી થતા (૩) શ્રી જુવાનસિંહજી અને (૪) 'શ્રી ધન્વન્તરી મંદિર' વાળા વિશાળ ચોગાનમાં એકદમ ડાબા ખૂણે, હનુમાન ગેઇટ પોલિસચોકી સામે છે તે 'શ્રી જુવાનસિંહજી સંગ્રહસ્થાન'.

ઉત્તર-૮ શ્રી અમરસિંઘ.

ઉત્તર-૯ (૧) પોરબંદરથી રેલ્વે માર્ગે પધારેલા અને (૨) સ્પેશ્યલ ટ્રેઇનમાં જામનગર મીટર ગેજ સ્ટેશન પર.

ઉત્તર-૧૦ શ્રી બર્ધન બોમ્બે પ્રેસીડન્સીના ગવર્નર હતા.

ઉત્તર-૧૧ શ્રી વિલિંગ્ડન બ્રિટીશ ઇન્ડીયાના વાઇસરોય(VICE ROY) હતા.

ઉત્તર-૧૨ શ્રી ટી. બી. હોસ્પીટલ.

ઉત્તર-૧૩ શ્રી એમ.પી.શાહ મેડીકલ કોલેજ.

ઉત્તર-૧૪ શ્રી કસ્તુરબા સ્ત્રી વિકાસગૃહ.

ઉત્તર-૧૫ શ્રી ડી.કે. વી.(શ્રી દોશી કાલીદાસ વીરજી) આર્ટસ અને સાયન્સ કોલેજ.

ઉત્તર-૧૬ હાલનાં 'દરબાર ગઢ' ની ઇમારત. ગાંધીચોકમાં.

ઉત્તર-૧૭ હાલની કલેકટર કચેરીની ઇમારત.

ઉત્તર-૧૮ હાલનો લાલ બંગલો અતિથિ ગૃહની ઇમારત.

ઉત્તર-૧૯ 'જામ બંગલા'ના ચોગાનમાંની પૂર્વ તરફની ઇમારત .

ઉત્તર-૨૦ 'જામ બંગલા'ના ચોગાનમાંની પશ્ચિમ તરફની ઇમારત.

ઉત્તર-૨૧ 'કવીન વિલા' એટલે 'પાઇલોટ બંગલો', દક્ષિણ તરફનો 'સરૂસેકસન' પર, જામ સાહેબના 'ડાકોટા' અંગત વિમાનના પાઇલોટ શ્રી એડી કવીન (ADI QUEEN) માટેબંધાયેલો.

ઉત્તર-૨૨ આ, ઉપરોકત સ્થળે જ ઉત્તર તરફનો 'એરો એન્જીનીયર' શ્રી મફ માટે બંધાયેલો.

ઉત્તર-૨૩ અહિં 'સરૂ' નામના વૃક્ષોની સમગ્ર માર્ગ પર હાર હતી તે માટે .

ઉત્તર-૨૪ શ્રી પ્રતાપ વિલાસ પેલેસમાં.

ઉત્તર-૨૫ હાલમાં ગુજરાત આયુ. યુનિર્વસીટીના ચોગાનમાં એક જૂની ઇમારત 'શ્રી સજૂબા ફીમેલ હોસ્પીટલ' છે ; તેની પાછળ બનેલી પી. જી. હોસ્પિટલ ની ઇમારતની જગ્યાએ એ હતા.

ઉત્તર-૨૬ હાલની 'જ્યૂબીલી ગાર્ડન'માંની મહાનગરપાલીકાની જૂની કચેરીનો અગ્રભાગ.

ઉત્તર-૨૭ શ્રી ઓઘડ માસ્તર.

ઉત્તર-૨૮ 'પ્રિન્સ રણજી' કહેતા કે 'બોલર' પાસે તો દડો(બોલ)ટચૂકડો જ હોય ત્યારે સામેના 'બેટધર' (બેટીંગમાંનો ખેલાડી)પાસે તેને ફટકારવાનું બેટ તો કયાંયે વિશાળ હોય ; ત્યારે તેનામાં એકાગ્રતા હોય તો 'બોલર' કે 'બોલ' ની શું વિશાત કે તેને ઇજા પહોંચાડી શકે !

ઉત્તર-૨૯ ૧૯ મી સદીના અંત ભાગમાં બંધાયેલી 'મીટર ગેજ' રેલ્વે લાઇન માટે તેમજ તેને સંલગ્ન માર્ગને જોડવા અર્થે રેલ-કમ-રોડ બંધાયેલો.

ઉત્તર-૩૦ હાલની મેડીકલ કોલેજના છેડે અને હાલના 'સોલેરીયમ'ની બાજુમાં હતું, જે જામશ્રી દિગ્વીજયસિંહજીએ બંધાવેલું.

ઉત્તર-૩૧ 'તળાવની પાળ' પર 'બાપુના બાવલા' તરીકે જાણીતું સ્થળ. જામનગરની પ્રજાએ જામશ્રી રણજીતસિંહજીની રાજવી તરીકેની ૨૫ વર્ષની યશસ્વી કારકીર્દીની યાદરૂપે બંધાવેલું.

ઉત્તર-૩૨ હાલના 'લાખોટા મ્યૂઝીયમ'ની ઇમારતમાં.

ઉત્તર-૩૩ આફ્રિકાથી એ સમયે આવતી પેસેન્જર સ્ટીમરોમાંના પેસેન્જરોને ભારતભરમાં પહોંચાડવાની સુવિધા માટે.

ઉત્તર-૩૪ હાલના પંડિત નહેરૂ માર્ગ પર હાલની 'આરામ હોટલ' વાળી જૂની ઇમારત તે જ શ્રી અલીભાઇ ઝવેરીનો બંગલો.

ઉત્તર-૩૫ રાજજયોતિષી શ્રી ટકા જોશી.

ઉત્તર-૩૬ સર્વ પ્રથમ આપણા વિશ્વ માનવ એવા પૂ. બાપુ તરફ તેમનું માનવકદનું એકપણ શિલ્પ જાહેરમાં કયાંયે નહીં મૂકીને, 'પ્રિન્સ રણજી' એવા આપણા દીર્ઘ દ્રષ્ટા જામસાહેબશ્રી રણજીતસિંહજીએ આપણા શહેરને કાયાકલ્પ દ્વારા 'PARIS' બનાવી આપ્યું(જો કેઆઝાદી બાદઆપણે તેને 'PERISHED' બનાવી દીધું, તેઅલગ બાબત છે) તેમજ વિશ્વ કક્ષાએ ક્રિકેટમાંઆપણાં શહેરને જાણીતું કરી દીધું છતાં કયાંયે તેમનાં નામનું ક્રિકેટર/શહેર શિલ્પીને અનુરૂપ મ્યુઝીયમ નહીં સ્થાપીને, 'રણજીત ટ્રોફી' તેમજ શ્રી દુલીપસિંહજીના નામ પરથી 'દુલીપ ટ્રોફી', જે ભારતની ટેસ્ટ ટીમના પ્રવેશ દ્વાર સમી છે તે માંહેની એકપણ ટ્રોફીની 'ફાઇનલ' કે 'સેમી ફાઇનલ' મેચ આપણે ત્યાં નહિં રમાડી શકવા તેમજ આપણાં આ શ્રી દુલીપ સિંહજીનું પણ એકપણ સ્મારક નહિ બનાવીને, આની જ માફક જેઓએ પોતાના ભવ્ય પુરૂષાર્થ થકી આયુર્વેદનો પુનરોધ્ધાર કર્યો,જેના ફળ સ્વરૂપ અહિં જ ગુજરાત ભરની 'ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી' સ્થપાઇ છતાં આ બે મહાનુભાવો સર્વશ્રી મહારાણી ગુલાબકુંવરબા (યોગ્ય સન્માન તો જ કર્યું ગણાય, જો આ યુનિવર્સિટી સાથે તેનું નામ જોડાય)અને ડો. શ્રી પી.એમ.મહેતાના કોઇ જાહેર સ્મારકો નહિં સ્થાપીને,આપણે તેઓના તરફ કૃતઘ્ની નીવડયા છીએ.

ઉત્તર-૩૭ સાયન્સની એકપણ નહિ, આર્ટસની અલીયાબાડા ખાતે 'શ્રી દરબાર ગોપાલદાસ મહાવિદ્યાલય' અને જામનગર ખાતે આયુર્વેદની 'શ્રી ગુલાબ કુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય' જેમાં પ્રવેશનું ધોરણ મેટ્રીક / એસ. એસ. સી. ઉત્તીર્ણ હતું.

ઉત્તર-૩૮ વિકટોરીયા બ્રીજ(હાલનો સુભાષ બ્રીજ) થી રાજકોટ તરફ જતા માર્ગની જમણી બાજુએ નીચે ખેતરમાં છત્રીઓવાળી જગ્યા અને શ્રી નાગેશ્વર મહાદેવનાં મંદિર પાસેની નદીના સામા કાંઠે થોડે દૂર ખેતરમાં સ્થાપત્ય કલા સભર ઇમારત.


ઉત્તર-૩૯ પાછલા તળાવમાં હાલનાં 'આંબેડકર ગાર્ડન'ની પાછળ જર્જરીત હાલતવાળી ઇમારત. આ તળાવ રાજાશાહી સમયમાં સળંગ 'ભૂજીયા કોઠા' થી છેક 'સાત રસ્તા' સુધીનું હતું.

ઉત્તર-૪૦ જામશ્રી રણજીતસિંહજીના સમયમાં જે સમગ્ર એશિયાખંડમાં એકમાત્ર હતું. તેઓશ્રી ફ્રાન્સ દેશનાં સ્થાપત્યો, માર્ગો ઇત્યાદિથી અતિ પ્રભાવીત હતા, જેના ફળ સ્વરૂપ જ તેઓએ આપણાં શહેરને 'PARIS' નો ઇલ્કાબ હાંસલ કરાવેલો.

ઉત્તર-૪૧ 'સરદાર' બિરુદધારી, 'સરદાર ચંદુલાલ શાહ'. તેઓએ મુંબઇ સ્થાપીત પોતાના 'રણજીત સ્ટુડિયો' ના નેજા હેઠળ, અસંખ્ય સફળ ફિલ્મોનું નિર્માણ કરેલું. તેઓએ અહીંના જૈન મંદિરો(ચાંદી બજાર) ના પશ્ચિમ તરફના માર્ગ પરના પોતાના નિવાસ સ્થાન પર પોતાના સ્ટુડિયોનું નિશાન 'પાંખવાળો ઘોડો'નું શિલ્પ સ્થાપિત કરેલુ.


ઉત્તર-૪૨ ગુજરાતી ફિલ્મ 'ઓખા હરણ'અને હિન્દી ફિલ્મ 'નીલ કમલ' (રાજકપૂર અભિનીત), જેમાં 'ઓખા હરણ'નું આગલા તળાવ અને 'લાખોટો' પર ને 'નીલ કમલ'નું પાછલા તળાવમાંના હાલનાં 'આંબેડકર ગાર્ડન'ની પાછળના ભાગે આવેલા ઓટા પર, જે હાલ ફરતી દિવાલથી તળાવ તરફ બાંધેલો છે. પહેલાં દેરીઓ સીવાયના બધા ઓટાઓ ખુલ્લા હતા. તેમજ શ્રી સત્યનારાયણ મંદિર અને બાપૂનાં બાવલાં સામેના પગથિયાંઓ તળાવમાં અંદર જવા માટેના પણ ખુલ્લા જ હતાં.

***<u>થોડાં અતિતનાં સંભારણા :</u>*** શ્રી સત્યનારાયણ મંદિર સામેના પગથિયાંઓના છેડા ( વચ્ચે ગોળાકાર ઓટાથી બાંધેલો વિશાળ વડલો હતો) પરથી તળાવનું પાણી કાંઠાથી સૂકાઇને થોડે દૂર ગયેલું ત્યાં તળાવમાં હોડી રાખીને, તેના પર એક અભિનેત્રીનું ફિલ્માંકન થયેલું. તે સમયે વિજળી સંચાલીત પ્રકાશ પાથરવા માટે કોઇ સાધન ઉપલબ્ધ નહોતાં. જેથી એ પગથિયાં પરથી કલાકારો, કેમેરા,અન્ય કર્મચારી ગણની સાથે મોટા મોટા અરીસાઓ પણ ઉતારવામાં આવેલા અને તે અરીસાઓ દ્વારા સૂર્ય પ્રકાશને તે અભિનેત્રી પર ફેંકીને ફિલ્માંકન થયેલું. સૂર્ય આડે વાદળી આવી જાય તો પણ સૂર્ય પ્રકાશને અભાવે ફિલ્માંકન મુલ્તવી રાખવું પડતું. આ જ 'ઓખાહરણ' ફિલ્મમાં 'લાખોટો' ઓખાની કથાનો મહેલ હતો. તેના પર ઓખાના હરણનું દ્રશ્ય ઝડપાયું હતું, જે જોવા આગલા તળાવના જમણા ખૂણે નૌકાઓ રાખવાનું પતરાનું છાપરું હતું. તેના પર અસંખ્ય લોકો ચડી જતાં, ભાર વધી જતાં,તે તૂટી પડયું.અનેક પ્રેક્ષકો જખમી થયેલા. આજ પણ આ જગ્યાએ છાપરાંના ટેકાના,બાંધેલી હાલતના થોડા તુટેલા થાંભલાના અવશેષો મોજૂદ છે. આ છાપરામાંની નૌકાઓનો એક ઉપયોગ વિહાર માટે અને અન્ય ઉપયોગ તળાવમાં વર્ષાઋતુમાં પાણીની આવક વધતાં 'કૂંડ (ઘડિયાળ કૂવો)'ને 'ગોળ કૂવો' તેમાં ડૂબીજતા ત્યારે નૌકા વિહારની સલામતી માટે તેની આગોતરી ભાળ દુર થી મળી રહે તે માટે તેના પર તરતા 'લાલ ગોળાઓ' બાંધવા માટે પણ થતો.



તસ્વીર સંગ્રહ : હરિવદન જોશી.

## શ્રી સજુબા ગર્લ્સ હાઈસ્કૂલની તાજી બંધાયેલી તે સમયની ઇમારતની તસ્વીર.



તસ્વીર સંગ્રહ : હરિવદન જોશી.

## રાજાશાહી સમયનો
## ભવ્ય 'વિભા વિલાસ પેલેસ'.
## <u>હાલ તેની કેવી દુર્દશા !!!</u>

ઉત્તર-૪૩ શેઠશ્રી મેઘજી પેથરાજ શાહના પવનચક્કી પાસેના 'મેઘદૂત' નામના બંગલે. શ્રી એમ.પી.શાહના દેશ વિદેશમાંની મોટી રકમની થતી સખાવતના સમાચાર તેઓના કાને અવારનવાર પડતા. જેથી પ્રભાવિત થયેલા તેઓશ્રી આમ ઓચિંતી મુલાકાતે દોડી ગયેલા.

ઉત્તર-૪૪ લીમડા લાઇન, સરુ સેકશન, પતંગીયા ફળી, બાજરીયા ફળી, મઠ ફળી, જલાની જાર, પીપળા શેરી, પાણી શેરડો(હાલ 'હાથી શેરી'), ફૂલીયા હનુમાન, ખીજડા મંદિર, દૂધા મામાની જગ્યા, (અહીં મોટી ઉધરસ થયેલા બાળકોની માનતા મનાતી અને ડોકમાં પ્રતિકરૂપ લોઢાના નાનકડા કોસ- કોદાળી પરોવેલો કાળો દોરો બાંધવામાં આવતો.રોગ મટી ગયા બાદ એવા બાળકોની માનતા ઉતારવા ત્યાં લઇ જવામાં આવતા) ઇત્યાદિ,ઇત્યાદિ.

ઉત્તર-૪૫ વિ.સં.૧૫૯૬ના શ્રાવણ સુદ ૭,બુધવાર (ઓગસ્ટ ૧૫૪૦)ના રોજ.

ઉત્તર-૪૬ રણજીત સાગરનું, જેનું શિલારોપણ બીકાનેરના નરેશ શ્રી ગંગાસિંહજીના વરદ્ હસ્તે થયેલું.

ઉત્તર-૪૭ સોની ફળી

ઉત્તર-૪૮ પોલાંડ દેશના. બાલાચડી ગ્રીષ્મ મહેલમાં. જામશ્રી દિગ્વીજય સિંહજીએ.

ઉત્તર-૪૯ જામશ્રી દિગ્વીજયસિંહજીનું અને તે રહ્યું સને ૧૯૩૩ થી આઝાદી બાદ 'સૌરાષ્ટ્ર રાજ્ય'ની સ્થાપના સૂધી(૧-૪-૧૯૪૮).

ઉત્તર-૫૦ કચ્છ માંથી ઉતરી આવીને, કાઠિયાવાડનો જેટલો પ્રદેશ જાડેજા રાજવીઓએ કબ્જે કરેલો, તે 'હાલાર રાજ્ય' તરીકે ઓળખાયો. એ બાદ જામશ્રી રાવળે નવા શહેરની સ્થાપના કરી, તે નવું નગર-નવાનગર બન્યું, બાદમાં જે નામ 'હાલાર'ને બદલે રાજ્ય તરીકે 'નવાનગર રાજય'ને મળ્યું અને આપણું શહેર જામના નામ પરથી 'જામનગર' બન્યું.

ઉત્તર-૫૧ તા. ૮-૪-૧૮૯૭માં. રાજકોટ-જામનગર સૂધીની.

## 'કરમી કોળીયો'

(ભોજનના અંતે કોઈપણ મીઠી વાનગીનો અંતિમ કોળીયો)

❖ નગરમાં જામસાહેબની હાજરી હોય ત્યારે દરબાર ગઢ-લાખોટો-જામ બંગલા પર રાજ્યનો ધ્વજ લ્હેરાવાતો. આનાથી રાજ્યના પ્રજાજનોને દૂરથી જ સૂચિત થાય કે જામ સાહેબ શહેરમાં હાજર છે.

❖ રાજવી શાસન દરમ્યાન શુભ પ્રસંગો પર નીકળતી શાહી સ્વારી , દરબાર ગઢથી શરૂ થઈ માંડવી ટાવર-તળાવની પાળ-લાલ બંગલામાં થઈને તેના જૂના માર્ગ પરથી સાત રસ્તા દ્વારા જામ બંગલામાં પૂર્ણ થતી.

આ શાહી સ્વારીમાં પ્રારંભમાં સૌથી આગળના ભાગે 'ઘોડા નગારૂં' એટલે કે શણગારાયેલા ઘોડા પર ગણવેશધારી સવાર નગારું પીટતો અને સૌથી અંતે છેડાના ભાગે 'સાંઢિયા નગારૂં' એટલે કે શણગારાયેલ ઊંટ પર ગણવેશધારી સ્વાર નગારું પીટતો રાખવામાં આવતા કે જેથી ત્યાં જોવા માટે એકઠા થયેલા સમૂહને તેના પ્રારંભ અને અંતની ખબર પડે.

આ બંન્નેની વચ્ચેના ક્રમમાં પ્રથમ ગણવેશધારી હાથમાં ઉભા રાખેલા ભાલા સહિત તાલબધ્ધ ચાલતા ઘોડા પર સ્વાર થયેલા રાજ્યના સૈનિકોની ટૂકડી, તે બાદ કર્ણપ્રિય ધૂનો બજાવતી બેન્ડવાજાની ટૂકડી, તે બાદ ગણવેશધારી પાયદળની ટૂકડી, તે બાદ શાહી કુટુંબના સભ્યોની 'બગ્ગી' / અન્ય આકર્ષક વાહનો , તે બાદ શહેરના અગ્રગણ્ય મહાનુભાવોનો સમૂહ અને અંતમાં ફરીને કર્ણપ્રિય ધૂન બજાવતી બેન્ડવાજાની ટૂકડી વગેરે વગેરે રહેતા. બધુંજ આંખને જોતાંજ ગમી જાય તેવું હતુ.

❖ આઝાદી બાદ પ્રારંભના વર્ષોમાં નવી દિલ્હીખાતે 'પ્રજાસત્તાક દિન'ની ઉજવણીમાં આપણાં રાષ્ટ્રપતિજીની આવી જ સ્વારી નિહાળવા મળતી.

આ સ્વારી નિહાળવા ઠેર ઠેર રસ્તાની બંન્ને બાજુ એકઠા થયેલા સમૂહને, તેને પહોંચવાના સ્થળની જાણ થાય તે માટે 'તળાવની પાળ' પર ત્યારના હાલ ની 'ગોવાળ મસ્જીદ' પાછળના ખુલ્લા મેદાનમાં સંજ્ઞા સુચક તોપ ફોડવામાં આવતી.

❖ આવીજ રીતે સમય દર્શાવવા માટે રાત્રે ૧૦ વાગ્યે અને બપોરે ૧૨ વાગ્યે તોપ ફોડવામાં આવતી.

❖ 'મકર સંક્રાંતિ'ના દિને 'દરબારગઢ' ખાતે રાજ્ય તરફથી બાળકોને અને બ્રાહ્મણોને 'પાવલી' નાંખેલી તલની 'લાડુડી' આપવામાં આવતી.




મહારાણી શ્રી ગુલાબકુંવરબા



# જામનગર ખાતે 'ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી'ની સ્થાપનામાં નિમીત્ત બનેલું આ બંન્ને વિભૂતીઓનું કર્મદાન

તસ્વીર સંગ્રહ : હરિવદન જોશી.



તસ્વીર સંગ્રહ : હરિવદન જોશી.

**રાજાશાહીના અંતીમ વર્ષોમાં 'રેડીયો જામનગર'ના પ્રારંભની અંતિમ ક્ષણો ગણાતી હતી, તેનો બોલતો પુરાવો આપતી, 'લાખોટા'ના બંન્ને મિનારાઓ પરના સ્થપાયેલ એરીયલની તસ્વીર**

**એક દુઃખદ ઘટનાઃ-**

એક ઉત્તમ સ્થાપત્યકલાથી ઓપતું આ જાજરમાન સ્ટેશન ઐતિહાસીક મહત્વ ધરાવતું હોવા છતાં ઈ.સ.૨૦૦૬ના પ્રારંભથી જ તેમાં બિન્ધાસ્ત રીતે ભાંગફોડ થવા લાગી અને આજ તે હવે ગઈકાલની દંતકથા સમું બની રહેવાના આરે આવી ઉભું છે. જેમ એક પેઢીની સમૃદ્ધિ તેની પાછળની પેઢી તેનો વિના સંકોચે વિનાશ કરી દે તેમ.

આ માટે જવાબદાર કોણ? આપણે સૌ જ. ખરૂં ને?

## -: થોડો જૂદો આસ્વાદ :-

### સાંપ્રત

# બાળકોને બેજવાબદાર ન બનાવો

આપણે કોઈના ઘરે જઈએ અને આઠ - દસ વર્ષની છોકરી પાણી લઈને આવે તો આપણને આનંદ થાય છે. જો છોકરો પાણી લઈને આવે તો આશ્ચર્ય સાથે આનંદ પણ થાય છે. મધ્યમ વર્ગનાં કુટુંબોમાં બાળકો ઘરમાં કામમાં મદદ કરતાં હોય તેવું દિવસે દિવસે ઓછું થતું જાય છે. તો પછી ધનિકોના ઘરમાં તો બાળકો કામ કરતાં હોય તેવી અપેક્ષા જ કેમ રખાય ?

મા-બાપને એવું થાય છે કે બાળક ઘરમાં કામ કરશે તો તે અભ્યાસમાં ધ્યાન આપી શકશે નહીં. આપણે બધુ જ તૈયાર બાળકોના હાથમાં મૂકીએ છીએ. સવારે ઉઠાડે મમ્મી, તૈયાર કરી હાથમાં દફતર (કે સ્કૂલ બેગ?) મૂકી નિશાળે મોકલે મમ્મી ત્યારે ભાઈસા'બ કે બહેન સાહિબા ભણે.

આપણે બાળકોને બધુ તૈયાર આપીએ છીએ ત્યારે તમને જવાબદારી લેતાં શીખવાની તકથી વંચિત રાખીએ છીએ. મેં નોકરીના ઈન્ટરવ્યુ વખતે માતાઓને પુત્રોની સાથે જતી જોઈ છે.

બાળપણમાં જવાબદારી ન શીખે તો મોટા થતા જવાબદારી લેવામાં ખૂબ મુશ્કેલી પડે છે. જે જવાબદારી ન લે તે જીવનમાં આગળ વધી શકતું નથી, સફળ થઈ શકતું નથી.

કયારેક એવું પણ બને છે કે માતાએ કોઈ શોખ ન કેળવ્યા હોય, તેની પાસે બીજી પ્રવૃત્તિ ન હોય અથવા તો પોતે એટલી અસલામતી અનુભવી હોય કે બાળકો મોટાં થાય તેમને ચીપકી રહે છે, બાળકો ન

ઇચ્છતાં હોય તો પણ.

જવાબદારી ન લેતાં શીખે ત્યાં સુધી તો ઠીક પણ બેજવાબદાર થાય છે. ઘરમાં દફતર ગમે તેમ ફેંકે છે, કપડાં ગમે ત્યાં નાખે, પોતાનો કબાટ અસ્તવ્યસ્ત હોય, રમકડાં ગમે ત્યાં રખડતાં હોય, મમ્મી બેઠી છે ને વ્યવસ્થિત કરવા માટે. આ બાળક ભવિષ્યમાં વ્યસની થાય, ડ્રગ લેતું થાય તો પણ નવાઇ નહીં. એને કયાં ખબર છે કે વ્યસનનાં પરિણામો તો પોતે જ ભોગવવાનાં છે.


ઘરમાં કામ કરાવવાથી બાળકોમાં માતા-પિતા માટે પ્રેમ અને આદર વધે છે. તેઓને સમજાય છે કે ઘરને વ્યવસ્થિત રાખવામાં મા કેટલી મહેનત કરે છે. માને તેમના માટે પ્રેમ હોય તો જ આટલું મથે. જે બાળકોએ ઘરમાં કામ ન કર્યું હોય તે ભવિષ્યમાં વડીલ મા-બાપનું ઘ્યાન ન રાખે તેવું બની શકે. કારણ કે તેને કયાં ખબર છે કે મા - બાપે તેના માટે શું ભોગ આપ્યો છે ?

બાળકો ગજા બહારની માગણીઓ મા-બાપ પાસે કરતાં હોય છે. મને મોંઘા ડ્રેસ જોઇએ, જિન્સનું પેન્ટ જોઇએ, સાઇકલ જોઇએ, મોપેડ જોઇએ, કમાતા ન હોય તેવા યુવાનો પણ મા- બાપ પાસે મોટર સાઇકલ ની માગણી કરે છે. આવા નબીરાઓ રસ્તે જતી યુવતીઓ ની છેડતી જ કરે ને ? ધૂમ સ્ટાઇલ રફ ડ્રાઈવીંગ કરે અને હાથ-પગ ભાગીને આવે કે પોતાનો જાન ગુમાવે અને બીજાનો જાન  જ લે ને ? પોતાનાં આવાં કૃત્યોનાં પરિણામનું તેમને ભાન ન હોય તે સ્વાભાવિક છે. પણ આવી બેજવાબદારીની શરૂઆત ઘરમાં જયાં ત્યાં દફતર, રમકડાં કે પુસ્તકો ફેંકવાથી થાય છે.

ઘર કામમાં હાથ બટાવનાર બાળકો આવી માગણીઓ કરતાં સો વાર વિચાર કરશે. તેમને ખબર છે કે કેટલી વીસીએ સો થાય છે.


માપસરનાં ઘર કામથી અભ્યાસને વિપરિત અસર થતી નથી. પ્રાથમિક શાળાના બાળકોને ઘરે અભ્યાસની ખાસ જરૂર હોતી નથી. તેઓને બોજ ન બને તે રીતે, તેવી માત્રામાં ઘરકામ આપવામાં આવે તો તેમને મજા આવશે. આપણું કામ તેમને મન રમત થશે. પ્રોત્સાહિત કરીશું તો હોંશે હોંશે કામ કરશે.

(સૌજન્ય : 'ફૂલછાબ - ગુલમોર' પૂર્તિ, તાઃ ૨૪-૧૧-૨૦૦૬, શુક્રવાર માંહેની શ્રી હસમુખ પટેલની કટાર : 'ચાલો વિકસીએ'.)



તસ્વીર સંગ્રહ : હરિવદન જોશી.

# રાજાશાહી સમયનો 'માનવિલાસ' પેલેસ



તસ્વીર સંગ્રહ : હરિવદન જોશી.

# 'ચંદ્ર મહેલ'ની અટારી, જયાંથી માનનીયશ્રી સરદાર વલ્લભભાઇ પટેલે (નાયબ પ્રધાન મંત્રીશ્રી) સૌરાષ્ટ્ર રાજયની રચના સમયે કરેલું ઉદ્‌બોધન (તા. ૧૫-૨-૧૯૪૮, રવિવાર)

# 'કડવાણી'

● સોક્રેટીસના મત અનુસાર 'જીવન વિચારપૂર્વક' જીવવું જોઇએ.

● આપણી મજા, બીજાને સજા, તો કરતી નથીને, તેનો સદા વિચાર કરવો જોઇએ.

● "સાચું પિતાપણું બાળકને આંગળી પકડાવવામાં નથી, પણ એને યથા સમયે આંગળી છોડાવવામાં છે".

● આપણી કૂદરતદત્ સ્વરપેટીનો યોગ્ય ઉપયોગ સમય ને સંજોગ અનુસાર નીચો/ઉંચો કરવો જોઇએ. વારે વારે ઘાંટા પાડીને વાત કરવાથી અન્યોને ખલેલ તેમજ તમારી સ્વરપેટીને પણ ભવિષ્યમાં નુકશાન થઇ શકે છે.

● 'ઘર' એ 'ઘર' ત્યારે જ રહી શકે છે કે જ્યારે 'ધરતીનો છેડો ઘર' એવી તેની શાંતિને બૂમ બરાડા, ટી.વી.-ટેપ-રેડિયોના જોર જોરથી ઉપયોગ દ્વારા 'ઘર'ને 'ક્રિકેટ સ્ટેડિયમ', 'નાટ્ય મંચ' અને 'સીનેમા હોલ'માં ન ફેરવી દઇએ.

● ઘોંઘાટના પ્રદૂષણથી થતું ભયંકર નુકસાન ત્યારે જ રોકવામાં સફળતા મળી શકે કે જ્યારે પ્રત્યેક વ્યક્તિ/ઘર તે માટે તેમાં સહયોગ આપતી થાય. અન્યથા માનવજાત માટે ભવિષ્યમાં ભયંકર ખતરો દેખાઇ રહયો છે. સૌ જાગે.

● જૂના સમયના નિયમો : રાત્રે-બપોરે-વ્હેલી સવારે જોરજોરથી વાતો ન કરવી, રાત્રે 'લઘુ શંકા' વગેરે માટે જતી વખતે 'પગરવ' પણ ન થવા દેવો, કોઇને બોલાવતી / ઉઠાડતી વખતે બૂમો ન પાડવી, વાસણોનો અવાજ પણ ધીમો થવા દેવો, બારી - બારણાં વાસતી વખતે તેને પણ અતિ સાવચેતી પૂર્વક વાસવા કે જેથી બીન જરૂરી ખખડાટ ન થવા પામે, દાદર/સીડી ચડવા - ઉતરવામાં અવાજ ન થવા પામે તે માટે દબાયેલા પગલે તેમ કરવું, બધી જ જાતનો બીનજરૂરી અવાજ નિવારવો ઇત્યાદિ : ને પૂનઃ અમલમાં લાવવા જોઇએ કે જે થી ઘોંઘાટનું પ્રદૂષણ કાબૂમાં રાખી શકાય.

● સદા એ બાબત ખ્યાલમાં રાખવી કે 'સુમધૂર સંગીત' પણ જોર થી વગાડવામાં આવે તો તે પણ 'ઘોંઘાટ' માં પરિણમે છે. ઘોંઘાટ નું પ્રદૂષણ માનવજાતનો છૂપો પણ મોટો દૂશ્મન છે. સદા ખ્યાલ રહે.

● ટી.વી., રેડીયો, ટેપ ઇત્યાદિપર મન પસંદ ગીત વાગે તો પણ તેની સાથે મોટે મોટેથી ન ગાવું. પરંતુ પોતાને જ સંભળાય તે રીતે ગણગણવું.

● ઘરમાં બધા જ સભ્યો પોતપોતાની રીતે મોટેમોટે થી જૂદા જૂદા મન પસંદ ગીતો ગાવા લાગે તો 'ઘર' એ 'ઘર' રહે ખરું ? માટે દરેક વ્યક્તિએ આનંદ માણવા માટે પોતાના મન પસંદ ગીત ગણગણવાં એજ ઉત્તમ રીત છે.

● ઘોંઘાટનું પ્રદૂષણ નાથવાના ઉપાયો ફક્ત સરકારે જ કરવા જોઇએ, તેવી માન્યતા ભૂલ ભરેલી છે. દરેક વ્યક્તિએ પણ એ માટે પોતાનું યોગ દાન આપવું જ જોઇએ, જે એની પ્રાથમીક ફરજ પણ છે. પશ્ચિમના દેશોની નકલ તો આ બાબતે પ્રથમ કરવાની આવશ્યકતા છે. ખરું ને ?

● 'આમદની અઠ્ઠઅની, ખરચા રૂપૈયા' જેવું નહિં કરવું. કારણ કે 'જુવાનીની કમાણી, બુઢ્ઢાપામાં સમાણી'. માટે દર માસે બચતની ટેવ પાડો.

● કહેવાય છે; '**Old is Gold**' - 'જુનું એટલું સોનું'. તો પછી જૂના નિયમોનું પુનઃ સ્થાપન કરવું હિતાવહ ખરૂં કે નહિં ? વાંચક નકકી કરી લે.

♦ નવોદિત વૈજ્ઞાનિક પોતાની નવી શોધમાં તેના પૂર્વ વૈજ્ઞાનિકોની શોધના તારણોનો સહારો લેતો હોય છે; તો આપણે શા માટે આપણાં વૃધ્ધજનોની અનુભવ સિધ્ધ તારણોયૂકત સલાહને અનુસરવામાં નાનપ અનુભવવી જોઈએ !
♦ ૪૫ વર્ષની આયુ સુધી, 'ભાવે' તે ખાઓ; તે બાદ 'ફાવે' તે જ ખાઓ.
♦ ઈતિહાસનો બોધપાઠ: ભૂતકાળમાંથી બોધપાઠ લઈને , વર્તમાનને એવી રીતે ગોઠવો કે જેથી ભવિષ્ય ઉજ્જવળ બને .
♦'વાણી', 'પાણી' ને 'સમય'ને વેડફો નહિ; વહી ગયાબાદ તે ક્યારેય પરત ફરતા નથી.
♦ 'આહાર તેવો ઓડકાર' . ♦ ખાવાનું 'પીઓ' ને પીવાનું 'ખાઓ' .
♦ બાળપણનો 'સંસ્કાર પાયો'; તેવી મોટપણે 'ઈમારત'. ♦ 'વાવીએ તેવું લણીએ'.
♦ પરમકૃપાળુ પરમાત્માનું મનુષ્યને જ ખાસ વરદાન તેવી 'બુધ્ધિ'નો 'મન' પર અંકુશ રાખવામાં ઉપયોગ કરો. તેનો દુર્પયોગ કયારેય નહિ જ.
♦ ટી.વી. ને તમારા નિયંત્રણમાં રાખતું 'રીમોટ કંટ્રોલ' ; સાવધાન ! ગફલતથી કયાંક તે તમારા કબજામાંથી તેના કબજામાં સરકી ન પડે.
♦ 'અતિ ની ગતિ નહિં' એ ન્યાયે ,ટી.વી. નો અતીરેક કદાચ જૂના સમયની 'વિષકન્યા'ની અસર નીપજાવે; સાવધાન !!!

## : ચેતવા જેવું :

કૂદરતે પશુ, પક્ષી તેમજ માનવજાતને પણ આંખથી નિહાળવા માટે જરૂરી એવા બધા ભાગો સાથે અદ્રશ્ય બે જાતના 'કણો' આપ્યા છે; જેના વિના નિહાળવું અશકય હોય છે :-

૧) 'CONS', જેને દિવસ દરમ્યાન વધુ કામ કરવાનું હોઈને, અસંખ્ય સંખ્યામાં તે આપ્યાછે. જેથી તે પોતાના કાર્યથી થાકે ત્યારે પુનઃ શકિત પ્રાપ્ત કરવા, વારા ફરતી 'Recharge' થવા જતા / આવતા રહે છે અને આમ દિવસના આપણે ખુબ કામ કરી શકીએ છીએ. (દિવસ એટલે કૂદરત દત્ત 'સુર્યોદય થી સુર્યાસ્ત' સુધીની; નહિં કે આપણે માનીએ તે.)

૨) 'RODS' , જેને રાત્રી દરમ્યાન અલ્પ કામ કરવાનું હોઈને, તેને અલ્પ માત્રામાં આપ્યા છે. પરંતુ તેને પુનઃ શકિત પ્રાપ્ત કરવા અર્થે, 'Recharge'માં જવાની સગવડ આપી નથી. આવી પરિસ્થિતિમાં આપણે તેને પુનઃ શકિત પ્રાપ્ત કરાવવા માટે સંપૂર્ણ આરામ આપવો એ જ ઈલાજ છે. (રાત્રિ એટલે કૂદરત દત્ત 'સુર્યાસ્ત થી સુર્યોદય' સુધીની; નહિં કે આપણે માનીએ તે.)


આ પરિસ્થિતિમાં આપણી આંખને નિહાળવાની શકિત લાંબો સમય જાળવી રાખવા માટે ઝળાંહળાં/ઝાકઝમાળ વિજળીના કૃત્રિમ પ્રકાશમાં મોડે સુધી બિનજરૂરી રીતે આંખને કામ કરતી ન રાખવી જોઈએ. નહિં તો ???

- એક દાકતરી અભિપ્રાય.

(માનવજાત સિવાય બધાજ પશુ/પક્ષીઓ કૂદરતી નિયમોનું ચૂસ્તપણે પાલન કરે છે. છે ને, કમાલ ?)

**: જૂની કહેવત નવા સ્વરૂપે - એકવીસમી ('એક વસમી') સદી અંતર્ગત. :**


પહેલું સુખ તે જાતે નર્યા,
બીજું સુખ તે સુઘેર - સુનાર વર્યા,
ત્રીજું સુખ તે પુત્ર/પુત્રવધુ માં ઠર્યા,
અંતિમ/ઉત્તમ સુખ તે 'ટપ' મર્યા.




## : વિરામ :




હમ તો ચલે અપને ગાઁવ,
સબકો રામ... રામ... રામ...





મારા પૂ. પિતાશ્રી (સ્વ.) શાન્તિલાલ ભગવાનજી જોશી
રજવાડી પોશાકમાં યુવા વયે.



તસ્વીર સંગ્રહ : હરિવદન જોશી.

## પૂર્વ 'વિકટોરીયા જયુબીલી કોમેમોરેશન ટાઉનહોલ', 'જામનગર અને દ્વારકા રેલ્વે'ની વડી કચેરી તેમજ ક્રમશઃ નગરપાલિકા/મહાનગરપાલિકા કચેરીની ઐતિહાસીક ઇમારત

સને ૧૯૪૭ના અંતિમ ત્રણ માસ દરમ્યાન,
તે સમયના 'કાઠિયાવાડ'માં ઘટેલી એક કડવી ઘટના




તસ્વીર સંગ્રહ : હરિવદન જોશી.

## ભારતની આઝાદી સમયે જૂનાગઢના નવાબે કરેલી આડોડાઈની કોઇ સંભવીત લશ્કરી દખલગીરીની રોકથામ અર્થે, તે સમયના નવાબી દેશી રાજ્ય 'જંજીરા'ના જાફરાબાદ બંદર ખાતે ભારતના લશ્કરની ઉતારાયેલી ટુકડીમાંની પાણી અને જમીન પર ચાલતી 'ડક - DUCK'




( તસ્વીર : હરિવદન જોશી, સને ૧૯૯૯ )


# જાણો છો ? આ ઈમારત વિશે કશું ?




શ્રાવણી સાતમ - આઠમના ભરાતા મોટા
મેળા સમયની નૌકા વિહારની અલભ્ય તસ્વીર



પ્રતાપ વિલાસ પેલેસ





જુનું રેલ્વે સ્ટેશન




રોઝી રેલ્વે સ્ટેશને ટ્રેનનું આગમન











મારી
જીવન
યાત્રાનાં
જુદા જુદા
ચરણો.















# નિમંત્રણ

# લઘુરૂદ્ર



શ્રી ........................................................................................

શ્રાવણના પવિત્ર માસે અમારા માતા-પિતા

**શ્રી હરિવદનભાઈ જોશી – શ્રીમતી ઈન્દુબેન જોશી** તથા

**શ્રી ભૂપતભાઈ જે. ત્રિવેદી – શ્રીમતી જયશ્રીબેન ત્રિવેદી**

ના સુખાયુ નિમિત્તે લઘુરૂદ્રનું આયોજન કરેલ છે.

**આશીર્વચન :**

**પ.પૂ. આચાર્યશ્રી ૧૦૮ શ્રી કૃષ્ણમણિજી મહારાજ**

**ઉપસ્થિતિ :**

**શ્રી મનહરભાઈ ઝાલા (મેયરશ્રી)**

**શ્રીમતી વસુબહેન ત્રિવેદી (ધારાસભ્યશ્રી)**

**શ્રી પ્રશાંતભાઈ પંડયા (વાઈસ પ્રેસીડેન્ટશ્રી, એસ્સાર)**

**લઘુરૂદ્ર પૂર્ણ થયે અમારી સાથે પ્રસાદ લેવા નિમંત્રણ છે.**

તારીખ : ૬-૮-૨૦૦૬ (રવિવાર)

શ્રાવણ સુદ ૧૨ (પવિત્રા બારસ)

સમય : સવારે ૯.૦૦ થી ૧.૦૦

સ્થળ : શ્રી બાલનાથ મહાદેવ મંદિર,
કાલાવડ ગેઈટ પાસે,
મહાપ્રભુજીની બેઠક રોડ,
(પુલ પછીનો જમણી તરફનો રોડ)
જામનગર

ૐ

**નિમંત્રક :**

**ડો. જોગીન જોશી**
**શ્રીમતી પ્રતિમા જોશી**
**તથા જોશી પરિવાર**

## અમારા જ્યેષ્ઠ પુત્ર / પુત્રવધુએ અનુસરવા લાયક કંડારેલી નવી કેડી.

વિ. સં. ૨૦૬૨ - સને ૨૦૦૬





અમે, અમારા સુપુત્રો / સુપુત્રીઓના પરિવારની સમૂહ તસ્વીર
(સ્થળ : કુળદેવશ્રી પૂ. વિરાબાપાની દેરી, વિસાવદર.)






**અમારા પૂજ્ય દાદીમા - દાદાજી અને**
**પૂજ્ય માતાજી - પિતાજીને**
**અમારા પ્રારંભે વંદન**

# આહ, મલકાટ !
# વાહ, ખંજન !!



'બાળ તરૂ' ને 'બાળ શિશૂ' નું યોગ્ય જતન / સિંચન કરો ; તમને ભવિષ્યમાં તે જ 'શીળી છાંયડી' બક્ષશે !

- હરિવદન જોશી